# બેંક પ્રોબેશન ઓફિસર

બેંક પ્રોબેશનરી ઓફિસર્સ અથવા બી.પી.ઓ. કે પી.ઓ., બેંકોમાં ફાઈનાન્સ, એકાઉન્ટિંગ, બિલિંગ અને ઈન્વેસ્ટમેન્ટને લગતા વિભાગોમાં કામગીરી બજાવે છે. તેઓ ગ્રાહકની ફરિયાદો તેમજ ગ્રાહક-સંબંધિત અન્ય સમસ્યાઓને સંભાળે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે ગણિત વિષયમાં સારા છો
- તમે નેતૃત્ત્વનો ગુણ ધરાવો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું ગમે છે
- તમે એક મહત્વાકાંક્ષી વ્યક્તિ છો અને તમારા માટે લક્ષ્યો નિર્ધારીત કરો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન).

૨. એકાઉન્ટન્સી, બિઝનેસ, ઈકોનોમિક્સ, ફાઈનાન્સ, ગણિત, બિઝનેસ ઈકોનોમિક્સ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકનો અભ્યાસ ક્રમ પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા પછી સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરો.

૩. IBPS / SBI / ICICI Bank / Axis IBPS / HDFC Bank / IDFC બેંક વગેરે બેંકો દ્વારા લેવામાં આવતી બેંક POની પરીક્ષા આપો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક પ્રોબેશનરી ઓફિસરનો પગાર દર મહિને **રૂ. ૫૨,૦૦૦ થી ૨,૮૦,૦૦૦*** જેટલો અથવા તેથી વધુ હોય છે.

સ્રોતઃ https://zeenews.india.com/companies/a-salary-hike-of-more-than-13-you-will-be-surprised-to-know-the-income-of-sbi-chairman-2471385.html

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બેંકો

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતુ નથી. સ્થાનિક મુસાફરી એ નોકરીની ભૂમિકાનો ભાગ નથી. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક કામ કરી શકો છો. સંસ્થા મુજબ તે બદલાઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

મેનેજમેન્ટ ટ્રેઇની → સિનિયર મેનેજર અથવા

પ્રોબેશનરી ઓફિસર → મેનેજર → સિનિયર મેનેજર → ચીફ મેનેજર → આસિસ્ટન્ટ જનરલ મેનેજર → ડેપ્યુટી જનરલ મેનેજર → જનરલ મેનેજર → એક્ઝિક્યુટિવ ડિરેક્ટર → ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર્સ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બેંક પીઓ પરીક્ષા, પ્રોબેશનરી ઓફિસર, બેંક પ્રોબેશનરી ઓફિસર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વાણિજ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. લખનૌ યુનિવર્સિટી
૨. મુંબઈ યુનિવર્સિટી
૩. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૪. અલ્હાબાદ યુનિવર્સિટી, અલ્હાબાદ
૫. દેવી અહિલ્યા વિશ્વવિદ્યાલય, ઈન્દોર
૬. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૭. બર્દવાન યુનિવર્સિટી, પશ્ચિમ બંગાળ
૮. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. જે.ડી. બિરલા સંસ્થા, કોલકાતા
૨. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ
૩. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગ્લોર
૪. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૫. બિરલા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, રાજસ્થાન
૬. ગલગોટીયાસ યુનિવર્સિટી, નોઈડા
૭. વેલ્લોર ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, વેલ્લોર, તમિલનાડુ
૮. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ : https://swayam.gov.in/explorer?searchText=commerce
- www.ncs.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**રંજના કુમાર નાબાર્ડના** પ્રથમ મહિલા પ્રમુખ છે. તેણીએ ૧૯૬૬ માં બેંક ઓફ ઈન્ડિયામાં પ્રોબેશનરી ઓફિસર તરીકે બેંકિંગ ક્ષેત્રમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી. તેણીએ ૧૯૬૫માં હૈદરાબાદની કોટી મહિલા કોલેજમાંથી સ્નાતક અને ઓસ્માનિયા યુનિવર્સિટીમાંથી પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી.*

સ્ત્રોત:
https://prabook.com/web/ranjana.kumar/1935429

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.